# ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ અંતર્ગત કેવિકે, અરણેજ માં યોજાયેલ તાલીમ કાર્યક્રમ

ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ (તા. ૧૬ થી ૨૨ ઓગષ્ટ, ૨૦૧૮) ના ભાગ રૂપે તા. ૨૦/૦૮/૨૦૧૮ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, અરણેજ ખાતે ધંધુકા તાલુકાના ખસ્તા ગામના ખેડૂત ભાઇઓ માટે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. કે.વિ.કે. ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. જે.કે.પટેલે ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ ઉજવણીના મહત્વ વિષે જણાવીને ખેડૂતોને જે તે વિસ્તારમાં ગાજરઘાસનું નિયંત્રણ લાવવા જણાવેલ. આ કાર્યક્રમમાં નિંદણ નિયંત્રણ માટેના ઉપાયો વિષેની માહિતી શ્રી. કે. એન. રણા (એગ્રોનોમી) દ્વારા આપવામાં આવી હતી. કે.વિ.કે. ના વૈજ્ઞાનિક ડૉ.જે.એચ.પટેલ (પશુપાલન) દ્વારા ગજરઘાસ થી પશુપાલનમાં થતી મુશ્કેલીઓના નિયંત્રણ માટેની માહિતી આપવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં આવેલ ખેડૂત ભાઇઓએ ઉત્સાહથી ભાગ લીધો.








